# એક છોકરી ને રાતા જાંબલી રંગનું ફૂલ

નાતાલ નજીકમાં હતી. છોકરી શહેરના વિવિધ મોલ્સમાં નાતાલની ચમકદમક જોઈ શકતી હતી. ચહેરા પર ખુશીવાળાં પરિવારો એમનાં નાનકડાં બાળકોને લઈને મોલ્સના ઉત્તેજક માહોલમાં ઉત્સાહથી ફરતાં હતાં. છોકરી ન ખુશ હતી, ન દુ:ખી ! એક અજીબ આશ્ચર્યથી એ આ ખુશી પહેરેલાં લોકોને જોયા કરતી. એને તો પરિવારના નામે એક માં હતી, જે નશામાં ન હોય; ત્યારે ગુસ્સામાં રહેતી. પણ છોકરી બહુ નાની ઉંમરમાં જિંદગીના નિયમો શીખી ચૂકી હતી. સત્તર વર્ષની ઉંમરે તેનામાં બે ટાઈમનું ખાવાનું શોધવાનું હુન્નર આવડી ગયું'તું.

તે ઘેર અઠવાડિયે એકવાર જતી, રવિવાર ની સવારે...ચૂપચાપ પાછલા દરવાજેથી હાઉસિંગ કમિશનના સંકુલમાં આવેલા નાનકડા ફ્લેટમાં ચૂપચાપ અંદર સરી જવાનું, ને ફટાફટ નાહીધોઈ, નવાં કપડાં પહેરીને માંના પર્સમાંથી જે કંઈ મળે એ ઉસેડીને રવાના..

માં શનિવારની રાતે મળેલા એના જેવા જ લુઝર પુરુષ સાથે હોવાના કારણે પકડાવાની શક્યતાઓ બહુ રહેતી નહી..બસ ને પછી આખું અઠવાડિયું શોપિંગ મોલ્સ, બેચાર એના જેવા સંજોગો ધરાવતી બહેનપણીઓ ને એમના ભાઈબંધો, પુલની પાછળ આવેલા બગીચામાં રાત, ચર્ચનું ખાવાનું ને જીવન નહીં તો દિવસો તો વીતી જતા.

છોકરીને ડાન્સનો બહુ શોખ એટલે ટીવીના શોરૂમની બહાર દરરોજ સાંજે ડાન્સિંગ વિથ સ્ટારનો પ્રોગ્રામ જોતી..એજ દુકાનોની હારમાં છેડે આવેલી એક ઘરડાની કપડાની દુકાન હતી, જેની પછવાડે એક નાનકડી ઓફીસ હતી જેમાં એક ગાદલું હતું. રાતના આઠ પછી જયારે પૈસાની જરૂર હોય તે પહોંચી જતી ,અડધો કલાક મોઢાની બદબૂ ને પરસેવો સહન કરવાથી થોડા પૈસા મળી જતા, સ્કૂલમાં કહેતા એવી "વિન વિન સિચ્યુએશન" હતી !

ખેર, વાત એ રાતની છે કે જયારે ઊંઘ ન આવવાના કારણે છોકરી પુલની પેલી તરફ મોડી રાતે ચાલવા નીકળેલી..બગીચાની બેંચ પર તેની સાથે સુતેલી બીજી છોકરી એ રાતે આવી ન હતી, છોકરી ભાગ્યેજ પુલની પેલી તરફ જતી, પણ એને ખબર હતી કે ત્યાં બહુ પૈસાવાળા મોટામોટા માણસો રહે છે; મોટાંમોટાં મકાનો, ઘરની આગળના સુંદર બગીચાઓ, મોટીમોટી ગાડીઓ, બધું જ ચોખુંચણક..છોકરી ને બહુ નવાઈ લાગી કે એક જ શહેરમાં આવા બે જુદાજુદા વિસ્તારો શા માટે ? પણ એને શું ? એને પોતાનો મતલબ હોય એટલુ જ જોવાનું...

એ રાતે એ સૂમસામ સડક પર ચાલતી હતી..ને એની નજર એક ઘરની બહાર બગીચા પર પડી..મસમોટી દીવાલની પેલી તરફ એક ઝાડ હતું ને ઝાડ ને રાતા જાંબલી રંગનાં ફૂલ ખીલ્યાં હતાં...શિયાળામાં ફૂલ??...પછી છોકરીને સમજાયું કે આ તો ક્રિસમસ ટ્રી છે ને પેલાં રાતા જાંબલી રંગનાં ફૂલ એના પર સજાવાયાં છે ... બાપ રે આવડું મોટું ટ્રી...ને આવાં સરસ ફૂલો, એને એક ફૂલ પોતાના વાળમાં નાખવાનું મન થયું, ગમે તેમ અંતે તો છોકરી જ હતી ને, એને પણ ઇચ્છાઓ તો હોય ને...! પણ આવડી મોટી દીવાલ ઓળંગીને એક ફૂલ લેવા જવું તો શક્ય ન હતું..

છોકરી સૂનમૂન થઈ ને આગળ ચાલવા માંડી... એને સમાધાનો કરતાં પણ આવડી ગયું'તું...કારણ કે બીજા પર્યાયો એની પાસે હતા નહીં..એ નાનકડી ખુશીઓમા ખુશ રહેતી ને જિંદગીને ડે બાય ડે પસાર કરતી..એણે પાછા ફરવાનું નક્કી કર્યું, ઠંડી વધી ગઈ હતી, કદાચ બરફ પણ પડે... પુલ પરથી પસાર થતી હતી, ત્યારે પુલની પાળી પર એક છોકરો બેઠો હતો, જિન્સ ને જેકેટ, માથે ટોપી પહેરી હતી.. એના પગ પુલની બહારની તરફ હતા અને એ રોશનીમાં ચમકતા નદીના પાણીને તાકી રહ્યો હતો..

છોકરી એની પાસેથી પસાર થઈ ત્યારે એ એકદમ પાણી તરફ ધસ્યો, જાણે પાણીમાં કૂદતો ન હોય ! છોકરી હતપ્રભ થઈ ને ગભરાઈ ગઈ, પણ છોકરો નાટક કરતો હતો... તે પાછો કૂદીને ફૂટપાથ પર પડ્યો ને ખડખડાટ હસવા લાગ્યો..છોકરી ગુસ્સે થઈ ગઈ... એણે ગાળો બોલીને ચાલવા માંડ્યું... છોકરો એની પાછળ ચાલ્યો, છોકરી ઊભી રહી એને ધમકાવવા માટે... છોકરાએ એની પાસે જઈને ખૂબ પ્રમાણિકતાથી સૉરી કહ્યું ને માફી માગી, બન્ને સાથે ચાલ્યાં બગીચા સુધી..

પછી છોકરાએ છોકરીને કહ્યું કે કાલે નાતાલ છે, ને એનું આ શહેરમાં કોઈ પણ નથી, એ બંદર પર એક માછલીને ટીનમાં પેક કરવાની ફેકટરીમાં કામ કરે છે, અને ત્યાંની જ એક વસાહતમાં બીજા મજદૂરો સાથે રહે છે, એનું ગામ પહાડોમાં છે, બહુ દૂર, ને એની માંને એ આ નાતાલ પર મળવા જઈ શક્યો નથી...અને શું એ આજની રાત તેણીની સાથે વીતાવી શકે છે ?

છોકરી ફરી ગુસ્સે થઈ ગઈ; એને પેલો પરસેવો, નાનકડી ઓફીસની ગુંગળામણ યાદ આવી ગયાં. છોકરો એ ઊંધું સમજી હોવાનું પામીને ચોખવટ કરવા લાગ્યો કે ના એનો કોઈ જ બદઈરાદો નથી, એને તો ફક્ત એકલતા દૂર કરવા વાતો જ કરવી છે, છોકરીને એની આંખોમાં સચ્ચાઈ લાગી, ને બન્ને બગીચાની એક બેંચ પર બેઠાં... વાતો થતી ગઈ..બરફ શરૂ થઈ ગયો, છોકરો લાકડાં ભેગાં કરી આવ્યો, ને બન્ને તાપણા પાસે બેઠાંબેઠાં,

સાચીખોટી, નાની મોટી ,વાતો કરતાં રહ્યાં...

છોકરીને છોકરો ગમવા લાગ્યો, પહાડોના લોકોની નિર્દોષતા, જિંદાદિલી એનામાં હતી, છોકરાને પૈસા ભેગા કરીને પાછા પહાડોમાં જવું હતું, નાનકડી જમીન ને થોડાં ઘેટાં લઈને એક નવી શરૂઆત કરવી હતી. મરેલી માછલીઓની બદબૂ એ આખી જિંદગી જીરવી શકે તેમ ન હતો. એણે છોકરી ને કહ્યું કે તું પણ મારી સાથે ચાલ, મારી માં ને મદદ થશે, મને તારા ભૂતકાળ કરતાં ભવિષ્યમાં વધારે રસ છે.. છોકરીએ દુનિયા બહુ જોઈ હતી, અને આવી લાગણીશીલ ભૂલો પણ ઘણી કરી હતી, પણ કોણ જાણે એને છોકરાની વાતોમાં વિશ્વાસ પડ્યો, પણ એનું મગજ એને રોકી રહ્યું હતું, અંતે એણે છોકરાને કહ્યું કે જો એ સાચો હોય ,તો નદીની પાર જઈને પેલા ક્રિસમસ ટ્રીમાંથી એના માટે રાતા જાંબલી રંગનું ફૂલ લઈ આવે..

છોકરો પળનો પણ વિલંબ કર્યા વિના ઉપડ્યો ને જતાંજતાં કહેતો ગયો કે તે અહીં જ રાહ જુએ તેની, આ તાપણું બુઝાય એ પહેલાં એ પાછો આવી જશે, છોકરાને વિશ્વાસભર્યા કદમો માંડીને જતો જોઈ ને છોકરીને થોડી આશ બંધાઈ, જિંદગી વિષે તે કારણ વગર ખુશ થઈ ગઈ. પહાડોનાં ધુમ્મસ, નાનકડા રસ્તાઓ, નાનકડાં ઘરો, હૂંફાળા માણસો...ને ખબર પડે એ પહેલાં જ એ ઝોકે ચડી ગઈ... આંખ ઉઘડી, ત્યારે પુલ પર શોરબકોર હતો... એ પુલ તરફ દોડી...ફાયરબ્રિગેડના માણસો, નાતાલની સવારે જમા થયેલી ભીડ...એમ્બ્યુલન્સ પણ હતી...એનું હૃદય ધબકારા ચૂકી ગયું, જિંદગી ફરી એક વાર એને હાથતાળી આપી ગઈ હતી, છોકરાની ઠંડા પાણીમાં થીજેલી લાશ એ જોઈ શકે તેમ ન હતી...એના કદમો રોકાઈ ગયા... એ પાછી વળી ને દોડવા માંડી...મુઠ્ઠીઓ વાળીને... બગીચાની બેંચ નીચે મૂકેલું પોતાની પર્સ લેવા એ પહોંચી, ત્યારે છોકરો ત્યાં બેઠો હતો એની રાહ જોતો... ઠંડીથી થરથર કાંપતો, એના હાથમાં રાતા જાંબલી રંગનું ફૂલ હતું...નદીમાં ડૂબી ગયો તે રઈસ માણસનો કૂતરો હતો....ઠંડી ને અંધારામાં સારું તરનારો કૂતરો, પણ ગોટે ચડી ગયો ને એક માણસની મુહોબ્બત પાર ઉતરી ગઈ...નાતાલની રજા પત્યા પછી છોકરીને કોઈએ જોઈ નથી, શહેરના મોલ્સમાં...પહાડો તરફ જતી ગાડીના ધુમાડાઓમાં એનાં રાતા જાંબલી રંગનાં સપનાઓ ફગફગી રહ્યાં હતાં...

- પાર્થ નાણાવટી (સિડની – ઓસ્ટ્રેલીઆ)